**(૧)** કેસ પેપર્સ ધ્યાને લીધા, તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસના અંતે આરોપી વિરૂધ્ધ મોટર વ્હીકલ એકટની કલમ- ૧૮૫ તથા પ્રોહીબીશન એકટ (ન્યુ) કલમ-૬૬(૧)(બી) મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)** સી.આર.પી.સી.કલમ-૪ મુજબ ભારતની ફોજદારી અધિનિયમ અને બીજા કાયદા અન્વયેના ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી બાબતે જણાવવામાં આવે છે અને કલમ-૪(૨) મુજબ બીજા કોઈ કાયદા અન્વયેના તમામ ગુનાઓની પોલીસ તપાસ, તપાસ, ઈન્સાફી કાર્યવાહી અને અન્ય કાર્યવાહી જો બીજા કાયદામાં જોગવાઈ કરવામાં આવેલ હોય તો તે મુજબ અન્યથા સી.આર.પી.સી.ની જોગવાઈઓ અનુસરવાની રહે છે.

– ગુનાઓની પોલીસ તપાસ, તપાસ, ઈન્સાફી કાર્યવાહી અને અન્ય કાર્યવાહી બાબતે મોટર વ્હીકલ અધિનિયમમાં કોઈ સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ નથી. આથી, સી.આર.પી.સી કલમ-૪(૨) મુજબ સી.આર.પી.સી. ની જોગવાઈઓ અનુસરવાની રહે છે.

– મોટર વ્હીકલ એકટની કલમ-૧૮૫ ના ગુનાના ભંગ બદલ પ્રથમ ગુના માટે છ માસ સુધીની સજા અથવા દસ હજાર રૂપિયાનો દંડ અથવા બંને, બીજા અને ત્યાર પછીના ગુના બદલ બે વર્ષ સુધીની સજા અથવા પંદર હજાર રૂપિયાનો દંડ અથવા બંન્ને એવી સજાની જોગવાઈ કરવામાં આવેલ છે.

– મોટર વ્હીકલ એકટની કલમ-૧૮૫ કોગ્નીઝેબલ છે કે નોન-કોગ્નીઝેબલ છે તે અંગે કોઈ સ્પષ્ટ જોગવાઈ આ અધિનિયમમાં કરવામાં આવેલ નથી માટે આ ગુનો કોગ્નીઝેબલ છે કે નોન-કોગ્નીઝેબલ છે તે નકકી કરવા સી.આર.પી.સી. શેડયુલ-૧ના ભાગ-૨, ક્રમાંક નંબર-૩ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ જે ગુનામાં ત્રણ વર્ષથી ઓછી મુદ્દતની કેદની અથવા માત્ર દંડની શિક્ષાને પાત્ર ગુનો હોય તો તે નોન-કોગ્નીઝેબલ ગુનો ગણાય છે અને તેથી મોટર વ્હીકલ એકટની કલમ-૧૮૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો પણ નોન-કોગ્નીઝેબલ ગુનો ગણાય.

– સાથે સાથે પ્રોહીબીશન એકટ (ન્યુ) કલમ-૬૬(૧)(બી) ની જોગવાઈ જોવામાં આવે તો તેમાં પણ પ્રથમ ગુના માટે છ મહિના સુધીની કેદની સજા અને રૂા.૧૦૦૦/- દંડની જોગવાઈ છે. પ્રોહીબીશન એકટમાં સને ૨૦૧૬ માં સુધારો કરવામાં આવ્યો ત્યારે પ્રોહીબીશન એકટની કલમ-૧૧૮ રદ કરવામાં આવેલ છે. રદ થયેલી કલમ-૧૧૮ માં એવી જોગવાઈ હતી કે "આ અધિનીયમમાં વિરૂધ્ધની કોઈ જોગવાઈ ન હોય ત્યારે પોલીસ અધિકારના ગુના અંગેની ફોજદારી કાર્યરીતી અધિનીયમ, ૧૮૯૮ ની જોગવાઈ આ અધિનીયમ હેઠળના ગુનાઓને લાગુ પડશે." આમ, જૂના

પ્રોહીબીશન એકટમાં કલમ-૧૧૮ મુજબ આ કાયદા અન્વયેના ગુનાઓ પોલીસ અધિકારના એટલે કે કોગ્નીઝેબલ ગુના હતા. આ કલમ-૧૧૮ રદ થવાથી આ જોગવાઈ નાબુદ થાય છે. જેથી પ્રોહીબીશન એકટ (ન્યુ) માં કલમ-૬૬(૧)(બી) ના ગુનામાં ઈન્સાફી કાર્યવાહી કેવી રીતે ચલાવવી તે અંગે જોગવાઈ ન હોવાથી સી.આર.પી.સી.ના શિડયુલ-૧ ના બીજા પાર્ટમાં જણાવેલ જોગવાઈ અત્રે ના કેસમાં લાગુ પડશે. શિડયુલ-૧ ના પાર્ટ-૨ માં જણાવેલ છે કે કોઈપણ ગુનો ત્રણ વર્ષથી ઓછી સજાને પાત્ર હોય તો તે નોન-કોગ્નીઝેબલ ગુનો ગણાશે. હાલના કિસ્સામાં આરોપી સામે મહત્તમ છ માસની સજાની જોગવાઈ છે જેથી પ્રોહીબીશન એકટની કલમ-૬૬ (૧)(બી) નો ગુનો એન.સી. ગુનો ગણાય.

– મોટર વ્હીકલ એકટની કલમ-૨૦૨ માં વૉરન્ટ વગર ધરપકડ બાબતે આપવામાં આવેલ સત્તા.

**<u>Section</u>** :- **<u>202 Power to arrest without warrant.</u>**

(1) **<u>A police office in uniform</u>** may arrest without warrant any person **<u>who in his presence commits an offence</u>** punishable under section 184 or section 185 or section 197.

(૩) મોટર વ્હીકલ એકટની કલમ-૨૦૨ માં પોલીસ ઓફિસરને વૉરન્ટ વગર ધરપકડ કરવાની સત્તા આપવામાં આવેલ છે પણ ધરપકડ કરવાની એક માત્ર આવી સત્તા હોવાના કારણ માત્રથી આ ગુનો કોગ્નીઝેબલ ગણાય ? મેજીસ્ટ્રેટ પોલીસ ચાર્જશીટના આધારે કોગ્નીઝન્સ લઈ શકે ? પોલીસે કરેલ ચાર્જશીટને ફરીયાદ તરીકે ગણી શકાય ? આ મુદ્દાઓ બાબતે અને મોટર વ્હીકલ એકટની કલમ-૧૮૫, ૨૦૨ અને ૨૦૩ ના સીધા પરિપેક્ષમાં (૧) <u>મેહબુબ કોયા મોઈદિન વિરૂધ્ધ રાજય</u> ૨૦૧૧ ક્રિ.લો.જ.૨૭૯૫, (૨) <u>પોરીન્ચુ ટી.કે. વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરેલા</u> ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૧૦૮૨/૨૦૧૧, (૩) <u>સંદિપ ઈન્દ્રાવદન સાગર વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય</u> અને બીજા ૨૦૧૩ ક્રિ.લો.જ. ૧૧૪૭, (૪) <u>સીગ્મોન ઉર્ફે પ્રકાશ વિરૂધ્ધ કેરેલા રાજય</u> ૨૦૧૪ ક્રિ. લો.જ.૪૬૫૭, (૫) <u>રાની શશાંક દોષી વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય (ડીવીઝન બેન્ચ)</u> (૨૦૧૪)૧ બીઓએમસીઆર (ક્રાઈમ) ૩૩૯, (૬) <u>પબ્લીક પ્રોસ્યુકયુટર વિરૂધ્ધ એ.વી.રમીહા</u> ૧૯૫૮ ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૭૦૨/૨૦૧૧,(૭) <u>પશ્ચિમ બંગાળ રાજય વિરૂધ્ધ જોગીન્દર મલીક</u> ૧૯૭૯ ક્રિ.લો.જ.૫૪૯, (૮) <u>નારાયણસિંહ વિરૂધ્ધ રાજય</u> ૧૯૮૬ (૧) (ક્રાઈમસ) ૫૩૫ ના ચુકાદાઓમાં નામદાર વડી-અદાલતોએ ઉપસ્થિત થયેલા તમામ મુદ્દાઓની વિગતવાર ચર્ચા કરી સ્પષ્ટ રીતે એવા ન્યાયીક અવલોકનો અને નિર્ણયો કરેલ છે કે, મોટર વ્હીકલ એકટની કલમ-૨૦૨ માં પોલીસને વૉરન્ટ વગર ધરપકડ કરવાની જે સત્તા આપવામાં આવેલી છે તે બે શરતો ઉપર આધારિત છે (૧) પોલીસ ઓફીસર યુનિફોર્મમાં હોવો જોઈએ અને ધરપકડના બે કલાકમાં રજીસ્ટર મેડીકલ પ્રેકટીશનર પાસે તેને રજુ કરવો ફરજીયાત છે (૨) યુનિફોર્મમાં સજજ પોલીસ ઓફીસરની હાજરીમાં આ અધિનિયમ મુજબનો કોઈ ગુનો કરવામાં આવેલ હોય તો જ પોલીસ ઓફીસરને ધરપકડની સત્તા રહેલી છે. ધરપકડની

આવી સત્તા હોવાના એક કારણ માત્રથી જ મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબના ગુનાઓ કોગ્નીઝેબલ બની જતા નથી. મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ તથા પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુના બાબતે કરવામાં આવેલી સજાની જોગવાઈ સાથે સી.આર.પી.સી. શેડયુલ–૧ ના ભાગ–ર ના ક્રમાંક નંબર–3 માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતા આ સ્પષ્ટપણે નોન–કોગ્નીઝેબલ ગુનો ગણાય. નોન–કોગ્નીઝેબલ ગુના બાબતે સી.આર.પી.સી કલમ–૧૫૫(ર)માં કરવામાં આવેલ જોગવાઈ મુજબની પરવાનગી લીધા વગર જો તપાસ કરવામાં આવે તો તે ગેરકાયદેસર ગણાય છે. મેજીસ્ટ્રેટ પોલીસ ચાર્જશીટના આધારે કોગ્નીઝન્સ લઈ શકે નહી. પોલીસ ધ્વારા કરવામાં આવેલ આવા ચાર્જશીટને ફરિયાદ તરીકે પણ ટ્રીટ કરી શકાય નહી એવા સ્પષ્ટ રીતે ન્યાયીક અવલોકનો કરી નિર્ણયો કરેલ છે.

(૪) <u>નામદાર સુપ્રિમ કોર્ટે, તીલકનગર ઈન્ડ્રીસ્ટ્રીસ લીમીટેડ વિરૂધ્ધ આંધ્રપ્રદેશ રાજય</u> ર૦૧૧ (૧૫) એસ.સી.સી.૫૭૧, <u>કેશવલાલ ઠાકુર વિરૂધ્ધ બિહાર રાજય</u> ૧૯૯૬(૪) ક્રાઈમસ (સુપ્રિમ કોર્ટ)૧ર૧ તેમજ <u>નામદાર હાઈકોર્ટોએ</u>, <u>મણીચંદ વિરૂધ્ધ રાજય</u> ૧૯૯૯ ક્રિ.લો.જ.(દિલ્લી) ૧૫૧ર, <u>એસ.મસ્થાન સાહેબ વિરૂધ્ધ પી.એસ.આર.અંજાને ચેલ્લુ</u> ર૦૦૩ ક્રિ.લો.જ.ર૪૮, <u>અરૂણકુમાર ભાર્ગવ વિરૂધ્ધ મધ્યપ્રદેશ રાજય</u> ર૦૦ર ક્રિ.લો. જ.ર૧, <u>અવિનાશ મધુકર મુખેડકર વિરૂધ્ધ રાજય</u> ૧૯૮૩ ક્રિ.લો.જ.૧૮૩૩, <u>પ્રભાકર પાન્ડુરંગ સાંજગીરી વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય</u> ૧૯૮૬(૧) ક્રાઈમસ (બોમ્બે)૧૬૮, <u>શિવાનંદ ગીરધર નાઈક વિરૂધ્ધ સબ ઈન્સ્પેકટર પોલીસ</u> ર૦૦૦ ક્રિ.લો.જ.૪૭૭૬ (બોમ્બે), <u>મનમથાગીરી વિરૂધ્ધ ઓરિસ્સા રાજય</u> ર૦૦ર(૧) ક્રાઈમસ ૪૬૪ ના કેસોમાં નામદાર અદાલતોએ એવા સ્પષ્ટ ન્યાયીક અવલોકનો કરેલ છે કે, સી.આર.પી.સી.કલમ–૧૫૫(ર)માં કરવામાં આવેલી જોગવાઈ એ ફરજીયાત સ્વરૂપની જોગવાઈ છે આથી આ જોગવાઈનું પાલન કર્યા વગર પોલીસ ગુનાની તપાસ કરી શકે નહી આમ છતાં જો તપાસ કરવામાં આવે તો તે ગેરકાયદેસર ગણાય છે, મેજીસ્ટ્રેટ આવા કેસમાં પોલીસ ચાર્જશીટના આધારે કોગ્નીઝન્સ લઈ શકે નહી. સી.આર.પી.સી કલમ–૪૬૧ મુજબની આ એવી ગેરકાયદેસરતાઓ ગણાય છે કે જેનાથી સમગ્ર કાર્યવાહી દુષીત બને છે.

(૫) મોટર વ્હીકલ એકટની કલમ–ર૦ર માં પોલીસને વોરન્ટ વગર ધરપકડ કરવાની જે સત્તા આપવામાં આવેલ છે તે કોઈ અનિયંત્રિત સત્તા આપેલ નથી. આ ધરપકડની સત્તા સં જોગોને અનુરૂપ સ્પેશ્યલ કાર્યવાહી વાસ્તેજ આપવામાં આવેલ છે. ધરપકડની આવી નિયંત્રિત સત્તા હોવા માત્રથી જ મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબના ગુનાઓ કોગ્નીઝેબલ બની જતા નથી. તેવી જ રીતે પ્રોહીબીશન એકટની કલમ–૬૬ (૧)(બી)ના ગુનામાં સજાની જોગવાઈને ધ્યાને રાખતાં તે નોન–કોગ્નીઝેબલ ગુનો છે જેથી તે બાબતે સી.આર.પી.સી.કલમ–૧૫૫(ર)માં કરવામાં આવેલ

જોગવાઈ મુજબની યોગ્ય પરવાનગી લીધા વગર જો તપાસ કરવામાં આવે તો આવી તપાસ ગેરકાયદેસર ગણાય છે. મેજીસ્ટ્રેટ આવા ગુના સબબ પોલીસ ચાર્જશીટના આધારે કોગ્નીઝન્સ લઈ શકે નહી. નોન–કોગ્નીઝેબલ ગુનો હોવા છતાં પોલીસ દ્વારા શરૂઆતથી જ જાણે કોગ્નીઝેબલ ગુનાની જેમ સી.આર.પી.સી. કલમ–૧૫૪ અન્વયે એફ.આઈ.આર. દાખલ કરી, કોગ્નીઝેબલ ગુનાની જ તપાસ કરી, તપાસના અંતે અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ છે આથી આવા ચાર્જશીટને ફરિયાદ સી.આર.પી.સી કલમ–૨(ડી) તરીકે ટ્રીટ કરી શકાય નહી. સી.આર.પી.સી. કલમ–૧૫૫(૨) ની જોગવાઈ એ ફરજીયાત સ્વરૂપની જોગવાઈ હોવાથી તેનું પાલન કર્યા વગર પોલીસ ગુનાની તપાસ કરી શકે નહી આમ છતાં જો તપાસ કરવામાં આવે તો તે ગેરકાયદેસર છે, મેજીસ્ટ્રેટ આવા કેસમાં પોલીસ ચાર્જશીટના આધારે ગુનાનું કોગ્નીઝન્સ લઈ શકે નહી આમ છતાં જો ગુનાનું કોગ્નીઝન્સ લેવામાં આવે તો તે સી.આર.પી.સી કલમ–૪૬૧ મુજબની એવી ગેરકાયદેસરતાઓ ગણાય છે જેનાથી સમગ્ર કાર્યવાહી દુષીત બને છે આવા ગુનાનું કોગ્નીઝન્સ લઈ પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવે તો તે એબ્યુસ ઓફ પ્રોસેસ ગણાય, હકુમત વિહીન કાર્યવાહી બને આવી કાર્યવાહી શરૂઆતથી જ નિરર્થક (**void abinitio**) ગણાય છે આવી નિરર્થક કાર્યવાહી પાછળ અદાલતનો સમય વ્યતીત કરવો ન્યાયીક રીતે પણ યથા યોગ્ય ગણી શકાય નહી. આમ, આ તમામ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ આ કેસની કાર્યવાહી સી.આર.પી.સી કલમ–૨૫૮ મુજબ બંધ કરી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવે છે.

**–: : <u>હુકમ</u> : :–**

(૧) આરોપી વિરૂધ્ધ મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ તથા પ્રોહીબીશન એકટ (ન્યુ) કલમ–૬૬ (૧)(બી) મુજબના ગુન્હાની કાર્યવાહી સી.આર.પી.સી.કલમ–૨૫૮ અન્વયે બંધ કરી આરોપીને છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ બાબતે વચગાળાના તબકકે જો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો આ હુકમથી કાયમ કરવામાં આવે છે, જો વચગાળા તબકકે કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો તે બાબતે ઈન્કવાયરી કરી મુદ્દામાલ સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સમયમર્યાદાની જોગવાઈને આધિન રહી અધિકૃત ઓથોરીટી સી.આર.પી.સી કલમ–૩૦૦(૫) મુજબ આરોપી સામે ફરી કેસ દાખલ કરી શકે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ નેશનલ લોક અદાલતના સ્પેશીયલ સીટીંગમાં તા. ૨૨, માહે : જૂન, સને : ૨૦૨૪ ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

રાજકોટ (બી.પી.ઠાકર)

તા. ૨૨/૦૬/૨૦૨૪

ડ૭ા અધીક સિવીલ જજ તથા
જે.એમ.એફ.સી., રાજકોટ